RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 115 * Date: 16.2.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રાજકીય સ્થિરતાએ ભારતમાં રોકાણકારોનો વિશ્વાસ જાળવી રાખ્યો', ૩૮ દેશ સાથે ટ્રેડ ડીલ પર બોલ્યા PM મોદી



કેન્દ્રીય બજેટ અને અમેરિકા તથા યુરોપિયન યુનિયન સાથેના મહત્વની ટ્રેડ ડીલ (વેપાર કરાર) બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂઝ એજન્સી પીટીઆઈ ને એક વિશેષ ઈન્ટરવ્યુ આપ્યો છે. આ બે મોટી ઘટનાઓ પછી કોઈ મીડિયા સાથે તેમણે કરેલી પહેલી મુલાકાત છે. વડાપ્રધાન મોદીએ આ ઈન્ટરવ્યુમાં ભારતીય અર્થતંત્ર અને સંરક્ષણ ક્ષેત્ર અંગે કેટલીક પાયાની વાતો અંગે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત કેટલીક બાબતો મામલે સ્પષ્ટતા પણ કરી હતી. વિવિધ ડીલની શરતો પર પણ પ્રકાશ પાડ્યો હતો.

પોતાની શરતો પર વ્યાપારઃ ઁસ્મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણા મજબૂત મેન્યુફેક્ચરિંગ સેક્ટર, સર્વિસ સેક્ટર અને સ્જીસ્ઈ (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ) સેક્ટરે ભારતને દુનિયાના ૩૮ દેશો સાથે પોતાની શરતો પર વ્યાપાર કરાર કરવામાં સક્ષમ બનાવ્યું છે.

નાના ઉદ્યોગોને પ્રોત્સાહનઃ પીએમ મોદીના અનુસાર, ભારતના મુક્ત વ્યાપાર કરારો (ક્લ્છ) ટેક્સટાઈલ, લેધર, કેમિકલ, હેન્ડીક્રાફ્ટ અને જ્વેલરી જેવા ક્ષેત્રોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચ વધારવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યા છે.ડિફેન્સ બજેટમાં કરવામાં આવેલા વધારા અંગે વાત કરતા વડાપ્રધાને કહ્યું કે, ×વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ સંરક્ષણ ક્ષેત્રનું આધુનિકીકરણ કરવું એ સરકારની ફરજ છે. અમારી સરકારે દેશના સંરક્ષણ દળોને સમર્થન આપવા અને તેમને મજબૂત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા છે અને ભવિષ્યમાં પણ કરતી રહેશે.

## અમદાવાદના નારોલમાં કૌટુંબિક ઝઘડાનું લોહિયાળ પરિણામ, જમાઈએ સસરાની કરી હત્યા



અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં કૌટુંબિક ઝઘડામાં લોહિયાળ ખેલ ખેલાયાની ઘટના સામે આવી છે. બાગે કૌશર સોસાયટી નજીક જમાઈએ પોતાના જ સસરા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે.મળતી માહિતી અનુસાર, નારોલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી બાગે કૌશર સોસાયટી નજીક સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. લાંબા સમયથી ચાલી રહેલા કૌટુંબિક ઝઘડાને કારણે જમાઈ ઉશ્કેરાઈ ગયો હતો અને તેના સસરા પર તીક્ષ્ણ હથિયારના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ભયાનક હતો કે સસરાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

## ૧ ગ્રામ સોનાની ઉચાપત સાબિત થાય તો ટ્રસ્ટમાંથી રાજીનામું ધરીશુંઃ મહુડી જૈન શ્વેતામ્બર સંઘ

ગાંધીનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન મહુડીમાં ટ્રસ્ટનો વિવાદ વધુ આગળ ધપ્યો છે. શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના ૮ ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલાઓએ તેમના ઉપર લાગવામાં આવેલા વિવિધ આરોપોને ફગાવ્યા હતા. આ સાથે તેમણે એમ પણ ઉમેર્યું કે, મનઘડત આક્ષેપ કરનારા સામે તેઓ બદનક્ષીનો દાવો માંડશે.


શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના ૮ ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલા મહેતા, વોરા અને શાહ પરિવારના પ્રતિનિધિઓએ આજે અમદાવાદ ખાતે જણાવ્યું કે, 'પાસા હેઠળ ૧૯ માસની સજા ભોગવી ચૂકેલા અંકિત શ્રેણિકભાઈ મહેતા તથા જયેશ મહેતાને તેમના ગુનાઈત ઈતિહાસને પગલે ગયા વર્ષે મહુડી સંઘના સામાન્ય સભ્યપદેથી બરતરફ કરવામાં હતા. આમ છતાં તેઓ પોતે ટ્રસ્ટી અથવા સભ્ય હોવાનું ખોટું પ્રતિનિધિત્વ આપી, ભક્તોને ગેરમાર્ગે દોરી ટ્રસ્ટની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરે છે.'



ટ્રસ્ટ ઉપર લગાવવામાં આવેલા ૬૫ કિલો સોનાની હેરાફેરીના આરોપ અંગે ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, 'મંદિર સુવર્ણીકરણ માટે ખરીદાયેલા સોનાના કાયદેસર ટેક્સપેઈડ બિલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૭થી ૨૦૨૫ સુધીના ઓડિટેડ રિપોર્ટ્સમાં તેની નોંધ કરવામાં આવી છે. લેબોરેટરી ટેસ્ટિંગ રિપોર્ટ્સ અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, લેબ ટેસ્ટ દ્વારા સોનાની ગુણવત્તા નિર્ધારિત થાય છે, વજન નહીં. ટ્રસ્ટના લોકર ખોલવા માટે ત્રણ અલગ-અલગ ટ્રસ્ટીઓ પાસે રહેલી ચાવીઓ જરૂરી છે અને કોઈ એક વ્યક્તિથી લોકર ખુલવાની શક્યતા જ નથી. ટ્રસ્ટ અથવા કોઈ ટ્રસ્ટી દ્વારા ૧ ગ્રામ સોનાની પણ ઉચાપત અથવા ગેરવહીવટ સબિત થાય તો તેઓ ટ્રસ્ટના તમામ હોદ્દા પરથી રાજીનામું આપવા તૈયાર છે.

## જેનેટિકલી મોડિફાઈડ પાક ભારત આવશે? US ટ્રેડ ડીલ મુદ્દે સરકારથી રાહુલ ગાંધીના ૫ સવાલ

ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને વિપક્ષ સતત કેન્દ્ર સરકાર પર પ્રહારો કરી રહ્યો છે. લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સંસદમાં આ મુદ્દો જોરશોરથી ઉઠાવ્યા બાદ હવે સોશિયલ મીડિયા પર સરકારને ૫ તીખા સવાલો પૂછ્યા છે. ગાંધીએ કહ્યું કે, ×યુએસ ટ્રેડ ડીલના નામે આપણે ભારતના ખેડૂતો સાથે વિશ્વાસઘાત થતો જોઈ રહ્યા છીએ.×રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને રાહુલ ગાંધીએ પીએમ મોદી પર નિશાન સાધ્યું અને કહ્યું કે, ખેડૂતોને આ મુદ્દે સ્પષ્ટતા મળવી જ જોઈએ. તેમણે ચિંતા વ્યક્ત કરી કે, શું આપણે કોઈ બીજા દેશને ભારતની ખેતી પર લાંબા ગાળા માટે પકડ જમાવવા દઈ રહ્યા છીએ?



૧. પશુ આહાર અને દૂધ ઉત્પાદનઃ ઢઢર (ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન્સ) આયાત કરવાનો ખરેખર અર્થ શું છે? શું તેનો અર્થ એ છે કે, ભારતીય પશુઓને અમેરિકાના જીનેટિકલી મોડિફાઈડ (ય્સ) મકાઈમાંથી બનેલો ખોરાક ખવડાવવામાં આવશે? શું આનાથી આપણું ડેરી ક્ષેત્ર અમેરિકા પર નિર્ભર નહી થઈ જાય? ૨. સોયા ખેડૂતોનું ભાવિઃ જો આપણે જીનેટિકલી મોડિફાઈડ સોયા તેલની આયાતને મંજૂરી આપીએ, તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના સોયા ખેડૂતોનું શું થશે? તેઓ ભાવમાં આવનારા કડાકાને કેવી રીતે સહન કરશે?

૩. કઠોળ અને અન્ય પાકોઃ જ્યારે તમે 'વધારાની પેદાશ'ની વાત કરો છો, ત્યારે તેમાં કઈ વસ્તુઓ સામેલ છે? શું આ ભવિષ્યમાં કઠોળ અને અન્ય પાકો માટે અમેરિકાના દબાણ સામે દરવાજા ખોલવાનો સંકેત છે?

## શિવરાત્રીના દિવસે સુરતીઓ બન્યા શિવમય, મંદિરોમાં ગુંજ્યા હર હર મહાદેવ નારા

આજે મહાશિવરાત્રીના દિવસે સુરતીઓ શિવમય બની ગયા હતા જેના કારણે શહેર અને જિલ્લાના શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર જોવા મળતું હતું. મોટી સંખ્યામાં મંદિરમાં શિવ ભક્તો ઉમટી પડતા અનેક જગ્યાએ ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. સુરતમાં આજે શિવરાત્રીની શ્રધ્ધા અને ઉત્સાહપૂર્વક શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે શિવરાત્રી સાથે અનેક મંદિરો દ્વારા શિવ ભક્તિ સાથે સમાજ સેવા નો સંગમ કરી બ્લડ ડોનેશન કેમ્પ અને સર્વ રોગ નિદાન શિબિરનું પણ આયોજન કર્યું હતું. આજે રવિવાર અને મહાશિવરાત્રીના સંગમના કારણે આજે વહેલી સવારથી જ સુરત શહેર જિલ્લાના શિવ મંદિરોમાં શિવ ભક્તોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. શિવરાત્રી હોવાના કારણે શહેરના શિવ મંદિરોને લાઈટિંગ અને ફૂલોથી શણગારવામાં આવ્યા હતા. સુરતીઓમાં શિવરાત્રીનો ભારે ઉત્સાહ હતો જેના કારણે સવારે



ચાર વાગ્યાથી જ વિવિધ પૂજા શરુ થઈ ગઈ હતી. સુરત શહેરના રહેણાંક સોસાયટીમાં નવા બનેલા શિવ મંદિરો સાથે સાથે પૌરાણિક મંદિરો માં શિવ ભક્તો મહાદેવની આરાધના માટે પહોંચી ગયા હતા. આજના દિવસે શિવ મદિરોનું વિશેષ મહત્વ છે જેના કારણે શિવ મંદિરોમાં ચારેય પ્રહરની પૂજા કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિરો હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા જેના કારણે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. આજે દિવસ દરમિયાન મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાત્રી દરમિયાન ભજન અને વર્ષોની પરંપરા પ્રમાણે મહાદેવજીને ઘી ના કમળ અર્પણ કરવામા આવશે અને સોમવારથી ભક્તોદર્શન કરી શકશે. સુરતના અનેક મંદિરોમાં શિવ ભક્તિ સાથે સમાજ સેવાનોઅનોખોસંગમ કરવામાંઆવ્યો હતો. અનેકમંદિરોમાંબ્લડકેમ્પસર્વરોગ નિદાન કેમ્પ સહિત અનેક સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અનેક જગ્યાએ પ્રસાદીનુંપણઆયોજન કરવામાંઆવ્યું હતું. શિવરાત્રીમાં વડીલોની સાથે સાથે યંગસ્ટર્સ ભગવાન શિવની આરાધના શ્રધ્ધાપૂર્વક કરતાં જોવા મળ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

# રોકાણકારોની સંપતિમાં રૂ.૭ લાખ કરોડનું ધોવાણ

વૈશ્વિક બજારોમાં આજે એશીયાના બજારોમાં ધોવાણ અને એઆઈ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી વિશ્વના સોફ્ટવેર સર્વિસિઝ ઉદ્યોગ માટે મોટા પડકારોને લઈ બિઝનેસ તકો ઘટવાના અંદાજોએ અને હિન્દુસ્તાન યુનિલિવર સહિતના કંપની પરિણામો પાછળ આજે શેરોમાં સાર્વત્રિક કડાકો બોલાઈ ગયો હતો. સપ્તાહના અંતે ફંડો, મહારથીઓએ ખાસ મેટલ-માઈનીંગ શેરોમાં હિન્દાલ્કો, ટાટા સ્ટીલ સહિતમાં મોટું ઓફલોડિંગ કર્યું હતું. હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ, બેંકિંગ-ફાઈનાન્સ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝયુમર ડયુરેબલ્સ, ઓઈલ-ગેસ, ઓટોમોબાઈલ શેરોમાં પણ ફંડોએ મોટું સેલિંગ કરતાં સેન્ટીમેન્ટ પૂર્ણપણે ડહોળાઈ ગયું હતું.

વૈશ્વિક પરિબળો સાથે ભારતીય રૂપિયો પણ ડોલર સામે નબળો પડતાં બજાર પર નેગેટીવ અસર પડી હતી. સેન્સેક્સ ૧૦૪૮.૧૬ પોઈન્ટ તૂટીને ૮૨૬૨૬.૭૬ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૩૩૬.૧૦ પોઈન્ટ ગબડીને ૨૫૪૭૧.૧૦ બંધ રહ્યા હતા.

# ૪ લાખવાળી ચાંદી ૨.૪૪ લાખે, સોનું ટોચથી ૩૭૦૦૦ સસ્તું, ૩ અઠવાડિયામાં 'ચમક' ફીકી પડી!



કિંમતી ધાતુઓના રોકાણકારો માટે છેલ્લા કેટલાક દિવસો 'રોલર કોસ્ટર રાઈડ' સમાન રહ્યા છે. ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ રોજ ચાંદીએ ?૪.૨૦ લાખ અને સોનાએ ?૧.૯૩ લાખની ઐતિહાસિક સપાટી વટાવી હતી. જોકે, ત્યારબાદ આવેલી નફાખોરી અને વૈશ્વિક કારણોને લીધે કિંમતોમાં મોટી સુનામી જોવા મળી છે. હાલમાં ચાંદી તેના હાઈ લેવલથી આશરે ૪૦% અને સોનું ૨૦% જેટલું સસ્તું મળી રહ્યું છે. છેલ્લા ૩ અઠવાડિયાથી સોના-ચાંદીના ભાવ ગગડી રહ્યા છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર માર્ચ વાયદાની ચાંદી શુક્રવારે ?૨,૪૪,૩૬૦ પ્રતિ કિલો પર બંધ થઈ હતી. જો આપણે તેની ઓલ-ટાઈમ હાઈ કિંમત (?૪,૨૦,૦૪૮) સાથે તુલના કરીએ, તો ચાંદી હજુ પણ ?૧,૭૫,૬૮૮ સસ્તી મળી રહી છે. ફેબ્રુઆરીના મધ્યમાં ચાંદીમાં આવેલો આ ઘટાડો છેલ્લા ઘણા વર્ષોનો સૌથી મોટો કડાકો માનવામાં આવે છે.સોનાના ભાવમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ૨૪ કેરેટ સોનું ૨૯ જાન્યુઆરીએ ૧,૯૩,૦૯૬ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચ્યા બાદ અત્યારે ?૧,૫૫,૮૯૫ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. આમ, સોનું અત્યારે તેના ઉચ્ચ સ્તરથી આશરે ?૩૭,૨૦૧ સસ્તું મળી રહ્યું છેટ્રમ્પની નીતિઓઃ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફેડરલ રિઝર્વના ચેરમેન તરીકે કેવિન વોર્શના નામની જાહેરાત બાદ ડોલર મજબૂત થયો છે.વ્યાજ દરોમાં અનિશ્ચિતતાઃ અમેરિકામાં મજબૂત રોજગારીના આંકડાઓને કારણે વ્યાજ દરોમાં કાપ મૂકવાની આશા ઓછી થઈ છે.

# નકસલવાદ વિરોધી અભિયાન દરમિયાન શહીદ થયેલ જવાનને ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

નકસલવાદ વિરોધી અભિયાન દરમિયાન નકસલવાદીઓ સાથે થયેલ મુઠભેડમાં ગોળી વાગતા શહીદ થયેલ જવાન શ્રી મેહુલભાઈ નંદલાલભાઈ સોલંકીને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા કેન્દ્રીય મંત્રી શ્રી નીમુબેન બાંભણિયા એ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શહીદ જવાન તા. ૨૨/૦૫/૨૦૨૫ના રોજ ફરજ બજાવતા ફરજ દરમિયાન શહીદ થયા હતા.બીજાપુર જિલ્લાના ઉસુર થાણા ક્ષેત્રમાં થયેલ અથડામણ દરમિયાન શ્રી મેહુલભાઈ સોલંકી શહીદ થયા હતા. તેઓ મૂળ વતન મુ.પો. દેવગાણા, તા. સિહોર, જિ. ભાવનગરના રહેવાસી હતા.શહીદ જવાનના માતા શ્રીમતી નાનુબેન નંદલાલભાઈ સોલંકીને શહીદ પરિવાર પ્રત્યે સરકારની સંવેદનશીલતાના પ્રતિકરૂપે રૂ. ૧ કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

સી.આર.પી.એફ. ના જવાનો દ્વારા નકસલવાદ વિરોધી અભિયાન દરમિયાન શહીદ થયેલ જવાનને ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### અન્ન પૂર્તિ મશીન માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલોગ્રામ જેટલા અનાજનું સચોટ વિતરણ કરવાની ક્ષમતા ધરાવે છે

# રિયલ-ટાઇમ મોનિટરિંગ હોવાથી સ્ટોક ઓછો થતા જ તંત્રને એલર્ટ મળશે, જેથી અનાજ અછત સર્જાય તેવી પરિસ્થિતિ સર્જાશે નહીં









તા.૧૫ - ફેબ્રુઆરી

ગુજરાત સરકાર અને ભારત સરકારના સંયુક્ત પ્રયાસોથી રાજ્યની જાહેર વિતરણ પ્રણાલી (ઁહ્વજી) માં એક ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. ભાવનગરના કરચલિયા પારાથી શરૂ થયેલું 'અન્ન પૂર્તિ મશીન' એટલે કે ગ્રેન છ્સ, હવે રાજ્યના ખૂણે-ખૂણે પહોંચવા માટે સજ્જ છે. આ મશીન માત્ર અનાજ વિતરણનું સાધન નથી, પરંતુ પારદર્શિતા અને આધુનિકતાનું પ્રતીક છે.મુખ્ય વિશેષતાઓ અને કાર્યક્ષમતાની વાત કરવામાં આવે તો,આ મશીન અત્યંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે, જે 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' (ઉહ્લઁ) ના સહયોગથી કાર્યરત છે.આ મશીન માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલોગ્રામ જેટલા અનાજનું સચોટ વિતરણ કરવાની ક્ષમતા ધરાવે છે.આ નવા મોડેલમાં માત્ર ઘઉં અને ચોખા જ નહીં, પરંતુ તુવર દાળ, ચણા, ખાંડ, મીઠું અને ખાદ્ય તેલ જેવા પેકિંગમાં મળતા પદાર્થોની પણ સુવિધા હશે.આ અન્નનપૂર્તિ મશીનમાં બાયોમેટ્રિક સિસ્ટમ હોવાથી ડમી લાભાર્થીઓનો ભય રહેતો નથી અને સાચા હકદારને જ રાશન મળે છે.ગુજરાત માટે ગૌરવની વાત છે કે, ડિજિટલ ભારતની દિશામાં આગળ વધતા આ મશીનનું ઉત્પાદન ગુજરાતમાં જ કરવામાં આવ્યું છે, જે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને સીધું પ્રોત્સાહન આપે છે.અને આ ગ્રેન છ્સ આવવાથી હવે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવાની કે ઓછું અનાજ મળવાની ચિંતા નાગરિકો માટે ભૂતકાળ બની જશે.ઉપરાંત બેંક છ્સની જેમ જ લાભાર્થી પોતાની અનુકૂળતા મુજબ ગમે ત્યારે રાશન મેળવી શકશે.

અત્યારસુધી અનાજ ઓછું મળે અથવા નાગરિકો વચેટિયાઓ દ્વારા છેતરપિંડીનો શિકાર બનવાની શક્યતા રહેતી, પરંતુ હવે મશીનની સ્ક્રીન પર વિતરણ કિંમત અને જથ્થો જોઈ શકાય છે, જેથી છેતરાવાની કોઈ શક્યતા રહેતી નથી.ગુણવત્તા અને ચોકસાઈની બાબતમાં મશીન દ્વારા અપાતું અનાજ ધૂળ-રજકણ રહિત અને સચોટ વજન સાથે મળે છે.

રાજ્યના દરેક જિલ્લામાં એક મશીન ઉપલબ્ધ કરાવવાના નિર્ણયથી અનેક નવા દ્વાર ખુલશે.અને નવી રોજગારીનું પણ સર્જન થશે.મશીનોના મોટા પાયે ઉત્પાદનથી સ્થાનિક ઉદ્યોગો વિકસશે અને ટેકનિકલ ક્ષેત્રે રોજગારી વધશે.રિયલ-ટાઈમ મોનિટરિંગ હોવાથી સ્ટોક ઓછો થતા જ તંત્રને એલર્ટ મળશે, જેથી સમયસર રિફિલિંગ થઈ શકે અને અછત ન સર્જાય.તથા ડિજિટલ ગુજરાત અંતર્ગત પેપરલેસ અને કેશલેસ વ્યવસ્થા તરફ આ એક મજબૂત કદમ બનશે.અન્ન પૂર્તિ મશીન ટેકનોલોજી દ્વારા સામાન્ય માનવીના જીવનમાં સરળતા લાવવાનું ઉત્તમ ઉદાહરણ છે. તે ભ્રષ્ટાચાર મુક્ત અને કાર્યક્ષમ શાસન-ર્ઁદ્બ ર્ઁદ્બીહિક્રહજીની દિશામાં ગુજરાતનું એક ગૌરવશાળી ડગલું બની રહેશે.

'અન્નપૂર્તિ' મશીન એટલે કે ગ્રેન એટીએમના મુખ્ય શોધક અને ડિઝાઈનર શ્રી અનુરાગ વિશ્વકર્મા આ અંગે જણાવે છે કે,તેમણે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (ઉહ્લઁ) સાથે મળીને આ ટેકનોલોજી વિકસાવી છે. આ મશીન પાછળનો તેમનો મુખ્ય વિચાર રેશનિંગ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવાનો અને સામાન્ય લોકોને અનાજ મેળવવામાં પડતી હાડમારી ઘટાડવાનો હતો.

તેમણે આ મશીનને એવી રીતે ડિઝાઈન કર્યું છે કે, તે અનાજનું સચોટ વજન કરે છે અને તેમાં ભેળસેળ કે ચોરીની શક્યતા રહેતી નથી.તેમના આ કાર્યને કારણે જ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે આ મોડેલને સ્વીકાર્યું અને તેને ભારતના વિવિધ રાજ્યોમાં જેમ કે હરિયાણા, ઓડિશા અને ઉત્તર પ્રદેશલાગુ કરવામાં આવ્યું. આ મશીન 'ઓટોમેટેડ મલ્ટી-કોમોડિટી ગ્રેન ડિસ્પેન્સિંગ સોલ્યુશન' તરીકે ઓળખાય છે, જે બાયોમેટ્રિક પ્રમાણીકરણ સાથે જોડાયેલું છે.આ અંગે શ્રી અનુરાગ વિશ્વકર્મા વધુમાં જણાવે છે કે,તેઓ રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા અને ખરેખર દેશને ડિજિટલ બનાવવા તરફ સહયોગી બનવા માંગે છે.

અનુરાગ વિશ્વકર્મા વધુમાં ઉમેરી છે કે, ડિજિટલ ઈન્ડિયા તરફ એક ડગ માંડવાની દિશા આપતા, આ કાર્યમાં ગુજરાત સરકાર સાથે ગાઢ સંકલનમાં રહી 'ટેક્નોક્રાફ્ટ જીઆઈડીસી મકરપુરા, વડોદરા ખાતે આ મસીન વિકસાવવામાં આવ્યું છે.જેમાં વડોદરા અને ગાંધીનગર ટીમ અને અધિકારીઓ દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.

# પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર મહાશિવરાત્રી પર બ્રહ્માકુમારીઝ સેકટર.૨૮ ખાતે થયું શિવ ધ્વજારોહણ





બ્રહ્માકુમારીઝ, સેકટર.૨૮ ગાંધીનગર ખાતે પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર અલૌકિક શિવ જયંતિ -મહાશિવરાત્રી અનેરા ઈશ્વરીય ઉમંગ ઉત્સાહથી મનાવવામાં આવી.આ દિવ્ય અલૌકિક સમારોહના સ્ટેજ ફંક્શનમાં ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય ભગિની રીટાબેન પટેલ, કોર્પોરેટર ભગિની વૈશાલીબેન, કેપિટલ ઓફસેટ ના માલિક ભ્રાતા રમેશભાઈ પટેલ તથા જાણીતા ઉદ્યોગપતિ દિનેશભાઈ ચાવડા દ્વારા આ પાવન પ્રસંગે શુભકામના વ્યક્ત કરી ભોળાનાથ પ્રત્યેનો પોતાનો પૂજ્યભાવ વ્યક્ત કરવામાં આવ્યો. સેવાકેન્દ્ર પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી એ આશીર્વચનમાં જણાવ્યું કે, મહાશિવરાત્રી માં રાત્રી શબ્દ કળિયુગ રૂપી રાત્રી નો સૂચક છે. પરમાત્મા શિવ તો અજન્મા, અભોગતા, નિરાકાર છે . કળિયુગ રૂપી રાત્રિના અંતમાં સતયુગની સ્થાપના માટે દિવ્ય અવતરણ કરે છે.આવો આપણે સૌ પણ પરમાત્માના આ વિશ્વ કલ્યાણના ભગીરથ કાર્યમાં જોડાઈએ. આ વિશેષ અવસર પર આયોજિત ઘીના પશુપતિનાથ નું સૌ મંચસ્થ મહેમાનોએ ઉદઘાટન કરી, આરતી ઉતારી પોતાને ધન્ય કરેલ.ત્યારબાદ સૌ મહેમાનોના કરકમલો દ્વારા પરમપિતા પરમાત્મા શિવના ૧૯૩૬માં થયેલ દિવ્ય અવતરણ નિમિત્તે ૯૦ મુ શિવ ધ્વજારોહણ કરવામાં આવેલ. આદરણીય કૈલાશ દીદીજી એ સંસ્થાના મુખ્યાલય માઉન્ટ આબુ થી આવેલ વિશેષ પ્રતિજ્ઞા વાંચન કરી સૌને દ્રઢ સંકલ્પ આપેલ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS /0044**
વિષય :- મહાશિવરાત્રી

શીર્ષક :- શોધ
પ્રકાર :-ગદ્ય શબ્દો :- ૩૫

જીવ એ જ શિવ
હું મને જ શોધું
મંદિરમાં
ધર્મનાં પંથો તો કેટકેટલાં
આંગળીનાં વેઢા પણ ઓછાં પડે
એક પંથ કહે જીવ એ જ શિવ
" વિભૂ" હું મને જ શોધું શિવાલયમાં.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા .બીલીમોરા

★★★★★★

**NOG SS NO - 402**
વિષય - મહાશિવરાત્રી

શીર્ષક - શિવ વંદના
પ્રકાર - પદ્ય
શબ્દ - ૯૬

હે શંભુ ભોળા દીન દયાળા.
હે પરમેશ્વર પરમ કૃપાળા.

ભજું હુ તમને હે શિવ શંકર.
વાસ તમારો છે કંકર કંકર.

તમે છો આદિ અનાદિ અનંતા,
તમે સત્ય શિવને સુંદર ભગવંતા.

હે ભભૂતધારી જોગી જટાળા.
શોભે ચંદ્ર ભાલે ગળે સર્પમાળા.

કૈલાશ નિવાસી ને નંદી સવારી
ઉમાપતિ પ્રભુ પરમ શિવકારી.

હળાહળ ઝેરને કંઠે ધરનારા.
નીલકંઠ સૌનું સંકટ હરનારા.

તાંડવ નૃત્ય પ્રભુ મહા પ્રલયંકર.
થરથર ધ્રૂજે બ્રહ્માન્ડ ભયંકર.

હે ડમરુંધારી સ્વામી ભૂતનાથા.
ગાતા ઋષિમુની નિત શિવગાથા.

હુ "વૈરાગી" ધરુ ધ્યાન શિવનું.
સદા શુભ મંગલ કરજો જીવનું.

શૈલેષ ભોઈ "વૈરાગી"
કોઠંબા (લુણાવાડા )





સમસ્ત હિન્દુ સમિતિ કુડાસણ, ગાંધીનગર દ્વારા પવિત્ર મહાશિવરાત્રીના દિવસે શોભાયાત્રા અને વિરાટ હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ શોભાયાત્રા હનુમાનજીના મંદિરેથી કાઢી કુડાસણની દરેક સોસાયટી પાસેથી પસાર કરી સરદાર ચોક સુધી કાઢવામાં આવી હતી. શ્રી ઉમિયા બંગ્લોઝ અને આજુબાજુની સોસાયટી પાસેથી રેલી પસાર થતાં વિશાળ સંખ્યામાં ભાઈઓ -બહેનોએ હાજર રહી ફૂલોથી સ્વાગત કરી શિવલિંગના દર્શનનો લાભ લીધો હતો.

# ધાનેરામાં ગેરકાયદેસર બાંધકામ પર તોફાન — નોટીસ છતાં કામ, બદલી પહેલા ચીફ ઓફિસરની મંજૂરીથી ઉઠ્યા સવાલો.




## બેઝમેન્ટ વગર બિલ્ડિંગ મંજૂર! ધાનેરા પાલિકાની ભૂમિકા ચર્ચામાં, આખરી નોટીસ બાદ પણ ગ્રીન સિગ્નલ — ચીફ ઓફિસરની મંજૂરીએ ઉઠાવ્યા પ્રશ્નો.

ધાનેરા:

ધાનેરા શહેરના શાંતિબજાર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામને લઈને મોટો વિવાદ ઉભો થયો છે. સેજલબેન કલ્પેશભાઇ શાહ દ્વારા લિમડાચોકથી શાંતિબજાર જતા માર્ગ પર ધાનેશના શીટ નં.૩૫, સી.સ. નં.૬૦૧, ૬૦૨ અને ૬૦૩ માં કોમર્શિયલ બાંધકામ માટે નગરપાલિકામાં મંજૂરી માંગવામાં આવી હતી. પાલિકાએ ઓનલાઈન હુકમ નં. ૦૪૦મ્ર૨૨૩૦૧૨૦ તા.૧૫/૦૨/૨૦૨૩ દ્વારા કેટલીક શરતો સાથે બાંધકામ પરવાનગી આપી હતી, પરંતુ સ્થળ તપાસ દરમિયાન મંજૂર નકશા મુજબ બાંધકામ ન હોવાને કારણે પાલિકાએ વારંવાર નોટીસો પાઠવી હતી.

પાલિકાની નોંધ મુજબ શોપિંગ કોમ્પ્લેક્ષ માટે મંજૂર નકશામાં બેઝમેન્ટ પાર્કિંગ દર્શાવાયું હતું, પરંતુ સ્થળે બેઝમેન્ટ બનાવાયું જ નહોતું. તેમર્જ્જી (ૉહર્ જીઅ) જગ્યા પણ નકશા મુજબ રાખવામાં આવી નહોતી. પાર્કિંગ માટે નિર્ધારિત વિસ્તાર પણ છોડવામાં આવ્યો નહોતો. આ ઉપરાંત બાંધકામ પરવાનગીની શરત નં.૧, ૯, ૨૦, ૨૭ અને ૨૮ નો ભંગ થયેલો હોવાનું પાલિકાએ નોંધ્યું હતું. તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ આખરી નોટીસ પાઠવી બાંધકામ ૧૫ દિવસમાં સુધારવા જણાવ્યું હતું અને લખિત હુકમ ન મળે ત્યાં સુધી આગળનું કામ બંધ રાખવા આદેશ આપ્યો હતો. પાલિકાની નોટીસ બાદ કામ કેટલાક સમય માટે બંધ થયું હતું, પરંતુ ચર્ચા છે કે ચીફ ઓફિસર રૂડાભાઇ રબારીની બદલી પહેલા જ આ બાંધકામને કોઈ સુધારા કર્યા વગર પહેલા હતુ તેજ રીતે મંજૂરી આપી દેવામાં આવી. આ ઘટનાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે. સ્થાનિક લોકો અને સામાજિક આગેવાનોમાં લેતી દેતી કરીને આ મંજુરી આપી હોવાના પ્રશ્નો ઉઠી રહ્યા છે કે આખરી નોટીસ પછી પણ મંજૂરી કેવી રીતે મળી? આ બાબતે અગાઉ ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પોપટલાલ જોષીએ પણ અરજી કરી હતી અને ગેરકાયદેસર બાંધકામની તપાસ કરવાની માંગ કરી હતી. હાલ ધાનેરામાં વહીવટદાર તરીકે મામલતદાર ચાર્જમાં હોવાથી તેમના પર પણ શંકાની આંગળી ઉઠી રહી છે. વહીવટદાર તેમજ ચીફ ઓફિસર સામે મુખ્યમંત્રી ઓનલાઇન પોર્ટલમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. સ્થાનિક નાગરિકો કહે છે કે જો નિયમોનો ભંગ કરીને બાંધકામને મંજૂરી આપવામાં આવી હશે તો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ. શહેરમાં આ મુદ્દે રાજકીય ગરમાવો પણ વધ્યો છે અને પારદર્શક તપાસની માંગ ઉઠી રહી છે.

### પાલિકા દ્વારા ખોટી રીતે કેટાલીયે મંજુરીઓ અપાઇ છે.

**નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પોપટલાલ જોષીએ જણાવેલ કે નગરપાલિકાના ચિફઓફિસર રૂડાભાઇ રબારી દ્વારા આ સોપિંગ બાબતે નોટીસો આપીને બંધ કરાવેલ હતુ. પરંતુ કોઈપણ સુધારા વગર આ સોપિંગને પોતાની બદલી થતાં બારોબાર કોઈપણ સુધારા વગર મંજુરી આપીને તેઓ જતા રહ્યા છે જેથી આ બાબતે વિવાદ ને લઇને કેટલાક લોકોએ કલેકટર, મુખ્યમંત્રીને પણ આ ચિફઓફિસર રૂડાભાઇ રબારી સામે તપાસ કરવા રજુઆત કરી છે. આવા તો કેટલાય સોપિંગ છે જેમાં રૂડાભાઇ રબારી દ્વારા નકસા વિરૂધ્ધમાં બાંધકામ હોવા છતાં મંજુરી આપી દેવામાં આવી છે. રુડાભાઇ રબારીના સમયગાળા દરમ્યાન થયેલ કામો અને બાંધકામ મંજુરીઓ બાબતે ફરી તપાસ થાય તો મોતૂ કૌભાંડ બહાર આવે તેમ છે**

# આધ્યાત્મિક તોરણ

## લેખક : ભરત સાંગાણી

?ધર્મ, સંસ્કાર અને હિંસાની અનિવાર્યતા: રામ-કૃષ્ણના ચરિત્રમાં નીતિની સ્થાપના.

?ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ સમાન રામાયણ અને મહાભારતમાં વર્ણવાયેલા આ બે મહાયુદ્ધો—રામ-રાવણ યુદ્ધ અને કુરુક્ષેત્રનું યુદ્ધ—માત્ર લશ્કરી સંઘર્ષની ગાથાઓ નથી, પરંતુ માનવ જીવન, ધર્મ, અને નૈતિક મૂલ્યોની ગહન ફિલોસોફી રજૂ કરે છે. આ બંને યુદ્ધોની વિશિષ્ટતા, રામ અને કૃષ્ણના ચરિત્રનું દર્શન, અને માનવતા પરના તેના આઘાત-પ્રત્યાઘાતને સમજવાથી જીવનના અનેક પાસાઓ પર પ્રકાશ પડે છે.

?

?ભારતીય ફિલોસોફીમાં ધર્મ શબ્દ અત્યંત વિસ્તૃત અને ગહન છે. અહીં ધર્મનો અર્થ માત્ર ધાર્મિક ક્રિયાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વ્યક્તિગત અને સામાજિક ફરજ (કર્તવ્ય), યોગ્ય સંસ્કાર, યોગ્ય-અયોગ્ય પ્રત્યેનો વિવેક અને જીવનની સમજણ સાથે જોડાયેલો છે. રામાયણ અને મહાભારતમાં વર્ણવાયેલા રામ-રાવણ યુદ્ધ અને કુરુક્ષેત્રનું યુદ્ધ એવા દૃષ્ટાંતો છે, જ્યાં માનવીય સમજણ અને સંસ્કાર જ્યારે નૈતિક મૂલ્યોની સ્થાપના માટે નિષ્ફળ જાય છે, ત્યારે હિંસા એક કઠોર સાધન બનીને નીતિ, ન્યાય અને સત્યની પુનઃસ્થાપના કરવા માટે અનિવાર્ય બને છે.

?

?મહાન નાયકો રામ અને કૃષ્ણના જીવનમાં ધર્મ એ તેમના ચરિત્રનો પાયો છે:

?રામ અને સંસ્કારયુક્ત ધર્મ: રામનું જીવન સંસ્કાર, વિવેક અને ફરજની પરાકાષ્ઠા છે. પિતાના વચનને માન આપીને વનવાસ જવું, પોતાની પત્નીના અપહરણ પછી પણ યુદ્ધના આદર્શ નિયમોનું પાલન કરવું—આ દર્શાવે છે કે તેમનો ધર્મ વ્યક્તિગત સંસ્કાર અને આદર્શ વર્તન પર આધારિત છે. રામે ધર્મનું પાલન શાંતિ, સમજણ અને સદવર્તન દ્વારા જ કરવા પ્રયત્ન કર્યો.

?કૃષ્ણ અને સમજણયુક્ત ધર્મ: કૃષ્ણનું ચરિત્ર ધર્મને સમય અને પરિસ્થિતિની સમજણ સાથે જોડે છે. કૌરવોને સતત સમાધાન અને શાંતિ માટે સમજાવવાના પ્રયત્નો એ તેમનો ધર્મ હતો. તેમણે વિવેક અને સમજણનો ઉપયોગ કરીને યુદ્ધ ટાળવાનો દરેક પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે દુર્યોધનની હઠ અને લોભે શાંતિની શક્યતાનો દરવાજો બંધ કરી દીધો, ત્યારે કૃષ્ણએ સ્વીકાર્યું કે નૈતિકતાની સ્થાપના હવે માત્ર શસ્ત્રોથી જ શક્ય છે.

?જ્યારે રાવણનો અહંકાર કે કૌરવોનો અન્યાયી મોહ વિવેક અને સમજણની ભાષા સ્વીકારવાનો ઈન્કાર કરે છે, ત્યારે સંસ્કાર અને શાંતિનું બળ નૈતિક મૂલ્યોને બચાવવા માટે ટૂંકા પડે છે.

?

આ સમયે નૈતિક મૂલ્યોની પુનઃસ્થાપના માટે અનિવાર્યપણે કરવામાં આવેલા ?આ બંને યુદ્ધો એ બતાવે છે કે પ્રેમ, દયા અને અહિંસાના આદર્શ હોવા છતાં, માનવ જીવનના વ્યવહારમાં નીતિ, ન્યાય અને સત્યની સ્થાપના માટે હિંસા અનિવાર્ય બની શકે છે.

?રામ-રાવણ યુદ્ધ: ન્યાય માટેનું આશ્વાસન: રાવણે જ્યારે સીતાનું અપહરણ કર્યું અને તમામ સમજાવટોનો અસ્વીકાર કર્યો, ત્યારે રામ માટે યુદ્ધ એકમાત્ર માર્ગ બન્યો. આ યુદ્ધ અંગત બદલા માટે નહોતું, પરંતુ સમાજ વ્યવસ્થા, પત્નીના ગૌરવ અને અધર્મનો નાશ કરવાની ફરજ હતી. અહીં હિંસાનો આશરો નીતિની પુનઃસ્થાપના માટે લેવાયો, જેનાથી સત્ય અને ન્યાયનું રાજ ફરી સ્થપાયું.

?કુરુક્ષેત્ર યુદ્ધ: કર્તવ્ય અને ન્યાયની સ્થાપના: પાંડવોનો ધર્મ માત્ર રાજ્ય મેળવવાનો નહોતો, પણ ન્યાયી રાજા તરીકેની તેમની ફરજ બજાવવાનો હતો. જ્યારે ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ અને દુર્યોધનની અન્યાયી વૃત્તિએ પાંડવોના વિવેક અને સંસ્કારોને કચડી નાખવાનો પ્રયાસ કર્યો, ત્યારે કૃષ્ણએ સ્પષ્ટ કર્યું કે નૈતિક વ્યવસ્થા ભાંગી ન પડે તે માટે યુદ્ધ અનિવાર્ય છે. ગીતાનો ઉપદેશ એ જ દર્શાવે છે કે જ્યારે ધર્મની રક્ષા તમારું કર્તવ્ય હોય, ત્યારે પરિણામની ચિંતા કર્યા વિના હિંસાનો આશરો લેવો એ પણ એક ધર્મ (ફરજ) બની જાય છે.

?જ્યારે અધર્મી શક્તિ કોઈ પણ વિવેક કે ન્યાય વિના માત્ર બળના આધારે અન્યાય ચાલુ રાખે છે, ત્યારે પ્રામાણિકતા અને અહિંસા જેવા નૈતિક મૂલ્યો અસહાય બની જાય છે. આ સ્થિતિમાં, ન્યાયની પુનઃસ્થાપના માટેનું યુદ્ધ અનિવાર્ય બની જાય છે.

માનવ સંવેદના, હિંસા અને અહિંસા

?બંને યુદ્ધો માનવીય સંવેદનાના આઘાત અને પ્રત્યાઘાત દર્શાવે છે. રામ-રાવણ યુદ્ધમાં પણ સંહાર અને વિયોગનું દુઃખ છે, પરંતુ અંતે ન્યાયની જીતનો સંતોષ પ્રબળ છે. રામાયણ મુખ્યત્વે સંબંધોના આદર્શો (પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-ભાઈ) પર ભાર મૂકે છે.

?કુરુક્ષેત્રના યુદ્ધમાં માનવીય સંવેદનાઓ વધુ તીવ્ર છે. તેમાં ભાઈઓ, ગુરુઓ, અને સગાં-સંબંધીઓની હત્યા કરવાની પીડા છે. અર્જુનનો વિષાદ યોગ (દુઃખ) તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ યુદ્ધ હિંસાની ભયાનકતા અને તેના કાયમી આઘાતો દર્શાવે છે. યુદ્ધ પછીનું સર્વનાશ અને યુધિષ્ઠિરનું દુઃખ એ સમજાવે છે કે કોઈ પણ જીતાયેલું યુદ્ધ પણ અંતે તો હાર જ હોય છે, ભલે તે ધર્મ માટે લડાયું હોય.

?

?આ બંને મહાન પુરુષોએ હિંસાનો આશરો લીધો તે તેમની નિષ્ફળતા નહીં, પરંતુ માનવતાના રક્ષણ માટેની તેમની સર્વોચ્ચ સફળતા છે.

?મર્યાદામાં સફળતા: રામે યુદ્ધ લડીને પણ ધર્મની મર્યાદાઓ જાળવી રાખી. તેમણે સાબિત કર્યું કે હિંસાનો આશરો લેતી વખતે પણ સંસ્કાર અને પ્રામાણિકતા જાળવવા શક્ય છે. તેમની સફળતા એ આદર્શ રાજ્ય (રામરાજ્ય)ની સ્થાપનામાં છે, જ્યાં ધર્મનું સત્ય અને શીલ દ્વારા પાલન થાય છે.

?વાસ્તવિકતામાં સફળતા: કૃષ્ણએ કૂટનીતિ દ્વારા યુદ્ધ જીતીને સાબિત કર્યું કે ધર્મ એ કોઈ જડ નિયમ નથી, પરંતુ તે ન્યાય અને નીતિની સ્થાપના માટે સમય અનુસાર સંચાલિત થવો જોઈએ. તેમની સફળતા ગીતાના શાશ્વત ઉપદેશ માં છે, જેણે યુગોથી માનવજાતને હિંસાની અનિવાર્યતા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠા અને ધર્મપાલનનો માર્ગ દર્શાવ્યો છે.?આમ, રામ અને કૃષ્ણના ચરિત્રો આપણને શીખવે છે કે માનવ જીવનની વિષમતા એ છે કે આપણે અહિંસાના આદર્શોને પ્રેમ કરીએ છીએ, પણ જ્યારે સંસ્કાર, વિવેક અને સમજણ નૈતિકતાને બચાવવામાં નિષ્ફળ જાય છે, ત્યારે કર્તવ્ય અને ફરજ તરીકે ન્યાય અને સત્યની પુનઃસ્થાપના માટે હિંસાનો આશરો લેવો પડે છે. આ હિંસા નિષ્ફળતા નહીં, પણ ધર્મની અખંડિતતા જાળવવાની સર્વોચ્ચ સફળતા છે.

ક્રમશઃ

**લેખક : ભરત સાંગાણી**



# પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા પાળિયાદમાં ઝોન કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ સંપન્ન થયો





જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બોટાદ આયોજિત સૌરાષ્ટ્ર ઝોન -૧ નો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ લાખો લોકોની શ્રધ્ધાનું અને આસ્થાનું કેન્દ્ર પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા પાળિયાદમાં પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુની અધ્યક્ષતામા અને વિહળધામ પાળિયાદના પ્રેરક સંચાલક પૂજ્ય શ્રી ભયલુબાપુની અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિતિમા તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બોટાદના પ્રાચાર્ય શ્રી દિપકભાઈ ચૌહાણ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરતસિંહ વઢેર તથા બોટાદ ડ્રૈષ્ઠ કો. શ્રી ધર્મેન્દ્રભાઈ તથા સુરેન્દ્રનગર ડ્રૈષ્ઠ કો. રાજેનભાઈ પિતળિયા સાહેબના સાંનિધ્યમાં ૨૮ એકથી એક શ્રેષ્ઠ ઈનોવેશનો સાથે સંપન્ન થયો...તા -૯/૦૨'૨૬ થી તા ૧૧/૦૨/'૨૬ એમ ત્રણ દિવસીય ઝોન કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં બોટાદ,ભાવનગર , સુરેન્દ્રનગર,રાજકોટ,મોરબી અને કચ્છ એમ કુલ છ જિલ્લાના ૨૮ શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષકોએ પોતાના ઉત્તમ નવતર પ્રયોગો રજુ કરી પોતાની શ્રેષ્ઠતમ આગવી કામગીરીનો પરિચય આપ્યો હતો.

આ ઉત્તમ ઉપક્રમની પ્રારંભિક સેરેમની પરમ પૂજ્ય શ્રી નિર્મળાબા ઊનડબાપુના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી શરું કરવામાં આવી હતી તો સાથોસાથ ડાયટ પ્રાચાર્ય શ્રી દિપકભાઈ ચૌહાણ સાહેબે પૂજ્ય બાનુ અદકેરું સન્માન કરેલ તથા પૂજ્ય શ્રી નિર્મળાબા તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા ૨૮ શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષકોને મોમેન્ટો,પ્રમાણપત્ર તેમજ બેગ આપી સન્માનિત કર્યા હતાં. આ ક્ષણ સૌ માટે જીવનનું અવિસ્મરણીય સંભારણું બની ગયું હતું...તો સાથોસાથ ફુલવાડીના પાવન પરિસરમાં પૂજ્ય બા દ્વારા રિબિન ખોલી આ ઈનોવેશન ફેસ્ટિવલ ખુલ્લો મૂકી દરેક સારસ્વતોના એક એકથી ચડિયાતા સ્ટોલની ઝીણવટભરી મુલાકાત કરી તમામને શ્રેષ્ઠ કામગીરી અને નવતર વિચારો માટે આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી. છ જિલ્લાના મુલાકાતી શિક્ષકો સાથે અનેક સરકારી શાળાઓ તથા વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ આ ઈનોવેશન ફેસ્ટિવલની મુલાકાત કરી ઉત્તમ જ્ઞાન મેળવવાનો રાજીપો વ્યક્ત કર્યો હતો...આગવા વાઈબ્રેશન અને અનેરી ભવ્યતા અને દિવ્યતાનો અહેસાસ કરતાં વિહળધામમા રાત્રી દરમ્યાન પૂજ્ય શ્રી ભયલુબાપુએ સૌને અનેરી શુભેચ્છાઓ પાઠવી સૌને આગવા ઉદગારો સાથે પાંચાળની ભવ્ય દિવ્ય દેહાણ પરંપરાનો આગવો આવકાર અને અવિસ્મરણીય મહેમાનગતી કરાવી હતી..દરરોજ ત્રણ ટાઈમ ઠાકરની પ્રસાદીનો લ્હાવો તથા પરિસરની સુઘડતા, સ્વચ્છતા અને પાવનતાએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.. ત્રિદિવસીય ઝોન કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં શ્રી દિપકભાઈ ચૌહાણના માર્ગદર્શનમા ટીમ બોટાદે સૌના દિલ જીતી લીધા હતા.જેમાં પ્રવીણભાઈ ખાચરનુ સુચારું સ્ટેજ સંચાલન તથા સતત માર્ગદર્શન તથા શ્રી મુકેશભાઈ પઢિયાર, વિજયભાઈ વાળા તથા ધવલભાઈ પીપાવતે સતત ઉત્તમ કામગીરી કરી હતી..

# સાહિત્યિક સિદ્ધિઃ લેખક ભરત સાંગાણીના પુસ્તક 'વલ્લભ વેદાંત દર્શન'ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

ગુજરાતી સાહિત્ય જગત માટે આનંદના સમાચાર છે કે વર્ષ ૨૦૨૪ માટે ગુજરાત સાહિત્ય અકાદમી (ગુજરાત રાજ્ય) દ્વારા જાહેર કરાયેલા પુરસ્કારોમાં, જાણીતા લેખક અને ચિંતક શ્રી ભરત સાંગાણીના પુસ્તક 'વલ્લભ વેદાંત દર્શન'ને દ્વિતીય શ્રેષ્ઠ પુસ્તક તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ પુસ્તક મહાપ્રભુજી વલ્લભાચાર્યના જીવન ચરિત્ર અને તેમના સાહિત્યના ગહન વિવેચનને ઉજાગર કરે છે.




લેખકનો પરિચય: બહુમુખી પ્રતિભાના સ્વામી

?ભરત સાંગાણી માત્ર એક લેખક જ નહીં, પરંતુ એક સમર્થ શિક્ષણવિદ અને આધ્યાત્મિક અભ્યાસુ પણ છે. મુંબઈ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર (ઈર્ષ્ઠહ્વેક્ષજ-જીંટ્ઠૈજંૈષ્ઠજ) માં સ્નાતક થયા બાદ,

તેમણે વલ્લભ વેદાંત (દર્શનશાસ્ત્ર) માં ૩ વર્ષનો એડવાન્સ ફિલોસોફી કોર્સ પૂર્ણ કર્યો છે.

તેમની સાહિત્યિક સફર અને સિદ્ધિઓ પર એક નજર:

?સાહિત્ય સર્જનઃ તેમણે 'વલ્લભવાણી રહસ્ય', 'ષોડશગ્રંથ સાર સંગ્રહ', અને 'કૃષ્ણ તારાં વિના સૂનું સૂનું લાગે' (અછાંદસ કાવ્ય સંગ્રહ) જેવા નોંધપાત્ર પુસ્તકો આપ્યા છે. શ્રીમદ ભાગવતના સંક્ષિપ્ત પરિચય આપતા 'કૃષ્ણનું યશોગાન' પુસ્તક દ્વારા તેમણે ભક્તિ સાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

?શિક્ષણ અને પ્રવચનઃ વ્યવસાયે તેઓ ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન જેવા વિષયો ભણાવે છે. સાથે જ, ભગવદ ગીતા, ભાગવત અને કુરાન જેવા ધર્મગ્રંથો પરના તેમના તર્કબદ્ધ પ્રવચનો યુટ્યુબ પર પણ લોકપ્રિય છે.

?કલા અને સંગીતઃ તેમની કલમ માત્ર પુસ્તકો પૂરતી મર્યાદિત નથી; તેમના દ્વારા લખાયેલા ૮ ગીતોને પ્રતિષ્ઠિત સંગીતકારોએ સ્વરબદ્ધ કર્યા છે. હાલમાં તેઓ યુટ્યુબ પર સાહિત્યકારોના ઈન્ટરવ્યુની એક શ્રેણી પણ ચલાવી રહ્યા છે.

?રાષ્ટ્ર સેવાઃ સાહિત્યિક ક્ષેત્રે અનેક શીલ્ડ અને સર્ટિફિકેટ મેળવનાર ભરતભાઈએ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન 'સિવિક વોલેન્ટરી સેવા' આપી હતી, જેના માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેમને મેડલ આપી સન્માનિત કરાયા હતા.

?આગામી લક્ષ્ય

?ભરત સાંગાણી હવે સાહિત્યના નવા ક્ષેત્રોમાં પદાર્પણ કરી રહ્યા છે. તેઓ હાલમાં પોતાની જ એક વાર્તા પરથી ફિલ્મની પટકથા (જીર્ષ્ઠિૈ) અને નાટ્ય લેખન પર કાર્ય કરી રહ્યા છે.આધ્યાત્મિકતા અને સમકાલીન વિષયો વચ્ચે સેતુ બાંધતા ભરત સાંગાણીની આ સિદ્ધિ તેમના વર્ષોના સ્વાધ્યાય અને સાહિત્ય સેવાને સમર્પિત છે.

# મુખ્યમંત્રી શહેરી બસ સેવા પરિવહન યોજના અંતર્ગત, બોટાદ નગરપાલિકા દ્વારા ૮ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું.નગરજનો માં આનંદ અને હર્ષ ની લાગણી

આજરોજ મુખ્યમંત્રી શહેરી બસ સેવા પરિવહન યોજના અંતર્ગત,બોટાદ નગરપાલિકા દ્વારા અને રઘુવીર ટ્રાવેલ્સ સીટી બસ સંચાલક શ્રી હકુભાઈ બી. ખાચર દ્વારા આઠ(૮) નવી સિટી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું.આ નવી બસ સેવાથી શહેરના નાગરિકોને સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીની સુવિધા મળશે.વિદ્યાર્થીઓ, કામદારો અને મહિલાઓ માટે આ યોજના ખાસ લાભદાયી સાબિત થશે.

શહેરના ટ્રાફિક અને પ્રદૂષણમાં ઘટાડો લાવવામાં પણ આ બસ સેવા મદદરૂપ બનશે.નગરના સર્વાંગી વિકાસ તરફ આ પહેલ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.



આ પ્રસંગે મુખ્ય મહેમાન કિસાન મોરચા રાષ્ટ્રીય મહામંત્રી શ્રી બાબુભાઈ જેબલીયા,રઘુવીર ટ્રાવેલ્સ અને સીટીબસ સંચાલક હકુભાઈ ખાચર,જિલ્લા ભાજપ મહામંત્રી વનરાજસિંહ ડાભી,બોટાદ નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન જોટાણીયા, ઉપપ્રમુખ નીરૂબેન ત્રાસડીયા,માર્કેટિંગ યાર્ડના ચેરમેન મનહરભાઈ માતરીયા,સંઘ પ્રમુખ પ્રતાપભાઈ,પૂર્વ પ્રમુખ ભીખુભા વાઘેલા,સહકારી અગ્રણી અને સીસીઆઈ જિલ્લા પ્રમુખ મયુરધ્વજસિંહ ભાટી,ભાજપ શહેર પ્રમુખ કિરીટભાઈ પાટીવાળા, કોર્પોરેટર સતુભાઈ ધાધલ,હરીશભાઈ ધાધલ,ન. પા. શોપ ઈન્સ્પેક્ટર રાજુભાઈ ડેરૈયા,વહતુભાઈ માલા,ચંદુભાઈ સાવલિયા,ગજુભાઈ ડાંગર, કિશોરભાઈ પાટીવાળા, ગૌતમભાઈ ખસીયા, યુવરાજભાઈ માલા અને અન્ય સામજિક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ત્યારબાદ તમામ નવી આઠ સિટી બસને,સારંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર કોઠારીસ્વામી વિવેકસાગરદાસજીના હસ્તે પૂજાવિધિ અને ચાંદલાવિધિ કરવામાં આવેલ અને પછી બી.એ.પી. એસ. સ્વામીનારાયણ મંદિરના કોઠારીશ્રી બાપુસ્વામી અને શ્રવણપ્રિયસ્વામીના હસ્તે તમામ બસનું પૂજન અને પ્રસાદીરૂપ ચાંદલા કરવામાં આવેલ.



ઊમરેઠ બ્રહ્માંકુમારી સંસ્થા ખાતે ત્રિદિવસીય શિવોત્સવની ઊજવણી સંતોનાં હસ્તે દીપ પ્રાગટ્ય થી થઈ તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ઉમરેઠ ખાતે બ્રહ્માકુમારી સંસ્થા ના સંચાલિકા બ્ર. કુ નીતાબેન દ્વારા ત્રિ દિવશીય"શિવોત્સવ" કાર્યક્રમમાં ઉમરેઠના શુભ પ્રસિદ્ધ કલાકાર સદાશિવ દવે તથા સ્મૃતિબેન દવે ના સુર સંગીત ના સાનિધ્યમાં અને શીવના ભજનો સાથે આદી યોગી ના ૧૦ફટની દર્શનીય મૂર્તિ આગમન પ્રસંગે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના કોષાધ્યક્ષ પરિન્દુ ભગત (કાકુજી), ઉમરેઠ સંતરામ મંદિરના મહંત શ્રી ગણેશદાસજી મહારાજ, વિજયદાસજી મહારાજ ,પ્રણામી મંદિરના મહારાજ શ્રી, દાદુરામ મહારાજ શ્રી, અમદાવાદ બ્ર. કુ કૃતિબેનશ્રી, ડાકોર ના સૌ સંત ગણ, આણંદ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ વિમલભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રી કનૈયાલાલ શાહ સંજયભાઈ શહેરાવાળા,વિકેશભાઈ કાચવાલા લા. વિજયભાઈ ભટ્ટ હિતેશ ભરથરી બક્ષીપંચ મોરચો મામલતદાર શ્રી મિતેશ ભાઈ પારેખ સાહેબ,તાલુકા વિકાસ અધિકારી શ્રી મકવાણા સાહેબ, પી.આઈ શ્રી સૈફાલી બુલાનબહેન, બ્ર. કુ ભાઈ બહેનો ઊમરેઠ નગરના અન્ય સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં ઊમરેઠ નગર અને આજુબાજુનાગામમાથી, પધારેલ ગ્રામજનો આ પ્રસંગે હાજર રહ્યા હતા આમ પ્રથમ દિવસનો પ્રસંગબ્ર. કુ નિતાબેનના પ્રયત્નો થકી સફળ બન્યો હતો. અને દર વરસે આવો કાયૅક્રમ યોજાય તેવું પ્રેક્ષક ગણે ઈરછા દશૉવી હતી

# માહીબા રાઠોડ જેઓ દ્વારા સમાજમાં મહિલાઓના સશક્તિકરણ સુરક્ષા અને નારીનું હંમેશા સન્માન થાય તેવા ઉમદા હેતુસર માહીબા આયોજીત અમદાવાદ ખાતે " નિર્ભયા નારી સન્માન-૨૦૨૬ "નો ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ યોજાયો..

અમદાવાદ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં ગુજરાત અને, ગુજરાત બહારથી મોટી સંખિયામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ત્યારે સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ, લુણાવાડા જેવા વિવિધ શહેરો જેવા ગુજરાતના વિવિધ શહેરો, તેમજ અન્ય રાજ્યોમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાઈ સમાજસેવા, લોકસેવા કરતી લગભગ ૧૦૦ ઉપર મહિલાઓને માહીબા તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એવોર્ડ, મેડલ,ભેટ સાથે સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.




આ કાર્યક્રમ માટે માહીબા રાઠોડ જેવા પ્રભાવશાળી નારી વ્યક્તિત્વ ધરાવતા હોય જેઓએ બીજા નારીઓના સન્માનનું બીડું ઝડપ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીસુરક્ષા, આત્મગૌરવ અને, સ્વનિર્ભરતાનો હતો. આં કાર્યક્રમના મુખ્ય મંચસ્થ અતિથિ અધ્યક્ષ સ્થાને રિટાયર્ડ એન્ડ સેશનકોર્ટના જજ સાહેબશ્રી માનનીય સુરેશ સિંગલસાહેબની ખાસ ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમના ઉત્સાહમાં વધારો કરવા અતિથિ વિશેષ રણજીતસિંહ જાદવ, ધર્મેન્દ્રભાઈ પટેલ, નરેન્દ્રભાઈ એલ પટેલ, વિજાણંદ તૂરી, પંકજભાઈ આર પટેલ, વીણાબા ઝાલા, કવિતાબેન લાપસીવાલા, કૌશિકાબેન પરમાર, મીનાબેન આર જોશી અને પ્રતિમાબેન પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. અને પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. વિજાણંદ તૂરી કે જેઓ આકાશવાણીના દોહા અને છંદના કલાકાર છે તેમને પોતાની આગવી લઢણમાં પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં કિન્નર સમાજનું ગૌરવ એવા અર્ધનારી પાયલબેન રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. અને, તેમને હૃદયસ્પર્શી પ્રાસંગિક પ્રવચન પણ આપ્યું હતું.

# આણંદ જિલ્લામાં ૩ સ્થળેથી દારૂ સાથે ૩ શખ્સ પકડાયા

આણંદ : આણંદ જિલ્લાના ત્રણ સ્થળોએથી વિદેશી દારૂ સાથે પોલીસે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતા. આણંદ શહેરમાંથી,એક ડભાસી ખાતેથી બોરસદ ગ્રામ્ય પોલીસે અને સંદેશર ખાતેથી વિદ્યાનગર પોલીસે વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

આણંદ શહેરના વઘાસી રેલવે બ્રિજ નજીક રાત્રિના સુમારે પોલીસને જોઈ એક શખ્સ ભાગવા જતાં પોલીસે તેને ઝડપી પાડી તેની પાસેથી બિયરનું એક ટીન મળી આવ્યું હતું પોલીસે તેના નામ ઠામ અંગે પૂછતા તે રમેશભાઈ મેઘજીભાઈ ગોહેલ રહે રાજોડપુરા હોવાનું જણાવ્યું હતું. બીજા બનાવમાં બોરસદના ડભાસી ગામે તળાવ નજીક વિદેશી દારૂનું વેચાણ થતું હોવાની માહિતી બોરસદ ગ્રામ્ય પોલીસને મળતા પોલીસની ટીમે ડભાસી ગામે છાપો મારતા એક શખ્સને હાલતમાં ઝડપી પાડી તેના નામ ઠામ અંગે પૂછતા તે ગૌરાંગ ઉર્ફે ગવો સુરેશભાઈ પટેલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેની પ્લાસ્ટિકની કોથળીમાંથી વિદેશી દારૂના ચાર નંગ કવાટરીયા કબજે લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat